647510

MA01GujC0110 Seat No :________

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# Nov/Dec - 2022 [OLD COURSE]
# BHASHA-SAHITYAKAUSHAL(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.1 કવિતાનો આસ્વાદ કરાવો. (૧૪)

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
પછી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચ્હેરા; આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.
વળાવવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

-'આદિલ' મન્સૂરી

અથવા

પ્રશ્ન.1 કવિતાનો આસ્વાદ કરાવો.

આપણે ભરોસે આપણે હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
એક મહેનતના હાથને ઝાલીએ.
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેનો
ખુદાનો ભરોસો નકામો;
છો ને એ એકતારે ગાઈ ગાઈને કહે,
તારે ભરોસે રામ !
એ તો ખોટું રે ખોટું પિછાણીએ, હો ભેરું,
બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ;
આપણા વહાણનાં શઢ ને સુકાનને
આપના જ હાથે સંભાળીએ, હો ભેરુ.
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર;
એનો કરવૈયો કો આપણી બહાર નહીં,
આપણે જ આપણે છઈએ, હો ભેરુ.

-પ્રહ્લાદ પારેખ

પ્રશ્ન.2 ગદ્યખંડનું સાર લેખન કરી યોગ્ય શીર્ષક આપો. (૧૪)

પ્રજાતંત્રવાદી જન્મથી જ શિસ્તવાદી હોય. માનવી અગર દૈવી એવા તમામ કાયદાઓને જે સ્વેચ્છાએ પાળનાર છે, તેને જ પ્રજાતંત્ર સદે છે, હું સ્વભાવે તેમજ શિક્ષણે પ્રજાતંત્રવાદી હોવાનો દાવો કરું છું. જેમને પ્રજાતંત્રની સેવાની મહત્વકાંક્ષા  હોય તેઓ પ્રથમ પ્રજાતંત્રની આ કસોટીમાંથી પસાર થાય. વળી પ્રજાતંત્રવાદી સાવ નિ:સ્વાર્થ હોવો જોઈએ. તેણે પોતાની અગર પોતાના પક્ષની દૃષ્ટિએ નહીં પણ સમસ્ત પ્રજાના તંત્રની દૃષ્ટિએ બધું વિચારવું જોઈએ, બધા સ્વપ્નાં ઘડવા જોઈએ. ત્યારે જ તે સવિનય ભંગનો અધિકારી બને છે. વ્યક્તિસ્વાતંત્ર્યની મને કિંમત છે. પણ માણસ મૂળે સામાજિક પ્રાણી છે તે ન ભૂલવું જોઈએ. સામાજિક પ્રગતિની જરૂરીયાતોને વ્યક્તિરૂપે બંધબેસતા થવાનું શીખતા શીખતા જ તે આજની સ્થિતિએ પોહોંચ્યો છે. નિરંકુશ વ્યક્તિસ્વાતંત્ર્ય એ તો જંગલના પશુનો જીવન નિયમ છે. આપણે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક અંકુશ વચ્ચે મધ્યમમાર્ગ કાઢતાં શીખ્યા છીએ. સામાજિક અંકુશોનો આખા સમાજના કલ્યાણના હિતની દૃષ્ટિએ સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરવામાં જ વ્યક્તિનો તેમજ સમાજનો અભ્યુદય રહેલો છે.

-ગાંધીજી

અથવા

પ્રશ્ન.2 ગદ્યખંડનું વિવરણ કરો.

“લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય. લોકવાર્તા જેમ ઇતિહાસ, પુરાણ ને નવલકથા ઇત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો પણ અખંડકાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચંપૂ દરેક રસાત્મક કૃતિનું મૂળ છે. લોકગીતોનું માધુર્ય વનલતાની શોભા જેવું સ્વભાવ- સુંદર હોય છે. કોઈ પણ સમાજનું સાચું સ્વરૂપ જોવું હોય તો તેના લોકગીત તરફ જવું પડે.”

-કાકા સાહેબ કાલેલકર

પ્રશ્ન.3 છંદનું સ્વરૂપ અને તેનું બંધારણ વિગતે સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન.3 અભ્યાસક્રમમાં સમાવિષ્ટ અક્ષરમેળ છંદોનો તેના દૃષ્ટાંતો અને બંધારણ સહિત વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન.4 અલંકારની વ્યાખ્યા આપી વર્ણાનુપ્રાસ, શબ્દનુપ્રાસ, પ્રાસાનુપ્રાસ અલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.4 અલંકાર એટલે શું ? કાવ્યમાં અલંકારનું સ્થાન અને તેના વિવિધ પ્રકારોની વિગતે સમીક્ષા કરો.

પ્રશ્ન.5 “૪” માંથી “૨” ટૂંક નોંધ લખો. (૧૪)

1. જોડણીના સર્વસામાન્ય નિયમો ટૂંકમાં જણાવો.
2. પ્રૂફવાચનની મુખ્ય સંજ્ઞાઓની સમજૂતી આપો.
3. હરિગીત છંદ સદૃષ્ટાંત સમજાવો.
4. રૂપક અને ઉપમા અલંકાર સદૃષ્ટાંત સમજાવો.

*****************************